| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૧/૧૧/૨૦૨૦ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૧૬/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૨૦/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૭૦૦ | ૧ | ૧૦૭૦૧ | ૧૬૮૩૪ | ૧ | ૧૬૮૩૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | ૦ | ૫૫ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૭૬ | ૮૦ | ૧૫૪૫૬ | ૧૬૨૨૪ | ૮૩ | ૧૬૩૦૭ |
| કુલ | | ૩૦૪૭૭ | ૮૧ | ૩૦૫૫૮ | ૩૯૧૫૩ | ૮૪ | ૩૯૨૩૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૮ | ૯,૧૯,૦૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮3૪ | ૮,3૪,000/- |

# પાસા અટકાયતની વિગત

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન**

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા મહે.અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા મહે.નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મહે.મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તથા સુચના મુજબ (૧)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૩૦૬/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૮૧,૧૧૬(બી) (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨ ૦૨૧૩૨/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) (૩)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૨૭૧/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(એ) (ઇ),૧૧૬ (બી), ૯૮ (૨) (૪)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૩૬૧/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧ (૫)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૩૯૨/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ),૮૧,૧૧૬(બી) મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૧૯૬/૨૦૨૦ તા.૨૦/૧૧/૨૦૨૦ ના હુકમ આધારે તા.૨૧/૧૧/૨૦૨૦ ના કલાકઃ૧૫/૦૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૨૧/૧૧/૨૦૨૦

**આરોપીનું નામ:-** કમલેશ ઉર્ફે કાળુભાઇ દેવીદાસ કડબે (મરાઠી) રહે.બંગાલીની દુકાનવાળી ગલીમાં મરાઠીનો પીઠો વસંતનગર ઠકકરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૨૩૨ લીટર દેશી દારૂ, ૨૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૯/૨૦૨૦**

**પાલડીઃ** જૈનેશ ભરતભાઇ શાહ (ઉ.વ.૪૦) (રહે.દેવદથ ડુપ્લેક્ષ વકીલ હાઉસની બાજુમા મોતી સોસાયટી વિકાસગૃહ રોડ પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૧/૨૦૨૦ સાજના ૬/૧૫ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન જૈનેશ શાહની નજર ચુકવી પ્રિતમનગર ખાતે પાર્ક કરેલ કારમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ હતી. બેગમાં રોકડ રૂપિયા ૫,૫૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ઓ.રબારી ચલાવે છે.

**મેઘાણીનગરઃ** નિર્મળાબહેન આસનદાસ પાલવાણી (ઉ.વ.૬૨) (રહે. મીનાક્ષી એવન્યુ સુખરામ દરબાર ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૧/૨૦૨૦ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે હરજીવનની ચાલી કમલ સ્ટોરની બાજુમા આવેલ ગુરુનાનક દરબાર ખાતે એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ પૈકી એક પુરૂષ નિર્મળાબહેન પાલવાણી નજીક આવી કહેલ કે મને આર્શીવાદ આપો અને હુ સોનાનો ધંધો ચાલુ કરવાનો છું તેમ કહી પાંચસો રૂપિયાની નોટમાં નિર્મળાબહેને પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- મુકાવી ગુરુનાનક દરબારમા આવેલ પાટલા નીચે મુકી પાંચ મિનિટ પછી લઇ લેજો તેમ કહી નિર્મળાબહેન પાલવાણીની નજર ચુકવી ચોરી કરી લઈ પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ વાલજીભાઇ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૦/૨૦૨૦**

**ઘાટલોડીયાઃ** જગદીશભાઇ વેલજીભાઇ ચૌધરી (રહે. પારસનગર વિભાગ-૧ સોલા રોડ નારણપુરા એ.ઇ.સી.બ્રીજની બાજુમાં) એ તા.૧૭/૧૧/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની બોલેરો પીકઅપ લોડીંગ ગાડી નંબર જીજે ૦૧ સીએક્સ ૪૦૮૨ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૮/૧૧/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જગદીશભાઇ ચૌધરીએ તા.૨૦/૧૧/૨૦૨૦ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.આર.ગામીત ચલાવે છે.

**સાઈટ ઉપર પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૧/૨૦૨૦**

**વટવાઃ** હરીશભાઇ ત્રિકમલાલ ગોહીલ (ઉ.વ.૫૦) (રહે. કાર્યશીલ્પ ફ્લેટ આર.ટી.ઓ. પાછળ સુભાષબ્રીજ રાણીપ) સિવીલ એન્જીનયર હોઈ તા.૦૧/૧૧/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા વટવા રીંગ રોડ સેફલ એલીગન્સની બાજુમાં નવી બનતી અતિથી આશ્રય નામની સાઇટ ઉપર હતા ત્યારે ગ્રાઉન્ડ ફ્લોર ડક્ટ માંથી નીચે બેજમેન્ટના પાર્કિંગમાં પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૧૧/૨૦૨૦ કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી રમેશભાઇ ગીંબાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૨/૨૦૨૦**

**બાપુનગરઃ** રામુભાઇ પ્રતાપસિંગ કોલી (ઉ.વ.૫૫) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ સસ્કાર આઇસ્ક્રીમ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૧/૨૦૨૦ કલાક ૨/૦૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.રાઓલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી